24 જુલાઇ, 2007

**નાણાં ધિરધાર અંગેના કાયદાની પુનઃ સમિક્ષા (રીવ્યુ) માટે રચાયેલ ટેકનીકલ જુથના અહેવાલ અંગે આર.બી.આઇ. પ્રતિભાવ આમંત્રિત કરે છે.**

ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલી વાર્ષિક પોલિસી 2006-07 ના ફકરા (પેરેગ્રાફ) 153 માં જણાવેલું કે નાણાં ધિરધાર અંગેના કાયદાની પુનઃસમિક્ષા કરવા એક ટેકનીકલ જુથનું ગઠન કરવામાં આવશે, જે જુથ (અ) અત્યારના આ અંગેના કાયદાકીય માળખાની અસરકારતાની સમિક્ષા કરશે, જે કાયદો નાણાં ધિરધારની પ્રવૃત્તિનું સંચાલન કરે છે.

(બ) આ કાયદાના અમલ માટે રચાયેલી વ્યવસ્થા કે જે જુદા જુદા રાજ્યોમાં અસ્તિત્વમાં છે તેની સમિક્ષા કરશે અને

(ક) રાજ્ય સરકારોને આવી કાયદાકીય તથા તેના અમલ માટેની વ્યવસ્થામાં સુધારો કરવા ભલામણો કરશે જેથી ગ્રામ્ય પ્રજાજનોનું હીત જળવાય.

આ પ્રમાણે એક ટેકનીકલ જુથની રચના થઇ જેના વડા તરીકે (ચેરમેન) શ્રી એસ. સી. ગુપ્તા કે જેઓ ભારતીય રિઝર્વ બેંકના માજી પ્રભારી કાયદાકીય સલાહકાર હતા. આ સમિતિના અન્ય સભ્યોમાં પસંદ કરાયેલ ત્રણ રાજ્યોની સરકારના સચિવ આર.બી.આઇ.ના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય 11 રાજ્યોના આમંત્રિત સભ્યોનો સમાવેશ કરેલ છે.

આ ટેકનીકલ જુથે અત્યંત વિસ્તૃત વાટાઘાટોના અભિગમથી રાષ્ટ્રના વિવિધ ભાગોમાં પ્રવર્તમાન નાણાં ધિરધારની પ્રવૃત્તિનો અભ્યાસ કર્યો અને સર્વેના માધ્યમથી પાયાની વાસ્તવિકતા જાણી નાણાં ધિરનારાઓનું ઔપચારિક નાણાંકિય સંસ્થાઓ સાથેનો સમન્વય શકય છે કે નહી ? તેની તપાસ કરી આંતરરાષ્ટ્રીય સ્તેર નાણાં ધિરધાર પ્રવૃત્તિના નિયમન માટે શું વ્યવસ્થા છે તેની પણ પુનઃ સમિક્ષા કરી.

આ ટેકનીકલ જુથે એક મોડેલ કાયદાની ભલામણ કરી છે જે રાજ્ય સરકારો પાસે હાલના તબક્કે આ પ્રવૃત્તિ માટે કોઇ સમજી શકાય તેવો કાયદો નથી. જે દ્વારા નાણાં ધિરધારની પ્રવૃત્તિનું સંચાલન થઇ શકે. આવી રાજ્ય સરકારે આ મોડેલ કાયદાનો સ્વિકારી શકે છે. તે અંગે વિચાર કરી શકે છે. આ પ્રકારના મોડેલ કાયદાની દરખાસ્તમાં અત્યંત મહત્વનાં પાસાઓ પ્રતિબિંબિત થાય છે જે આંતરરાષ્ટ્રીય અને ધરેલુ સ્તરના આવા કાયદાઓમાં હોય છે.

આ ટેકનીકલ જુથે પોતાની ભલામણો દ્વારા હાલના કાયદાઓમાં સુધારા સુચવ્યા છે જેથી કોઇ વિવાદ ઉદ્‌ભવે તો ત્વરીત અને ઔપચારિક રીતે સરળતાથી સમાધાન થઇ શકે. ટેકનીકલ જુથ દ્વારા પ્રસ્તુત મોડેલ કાયદો નીચે પ્રમાણેની વ્યવસ્થા આપે છે.

- એક સરળ તથા કોઇપણ મુસિબત વગરની નાણાં ધિરનાર માટે ફરજીયાત નોંધણી કરાવવા માટેની વ્યવસ્થા તથા સમયાંતરે આવી નોંધણી રીન્યુ કરાવવાની વ્યવસ્થા
- વિવાદના સમાધાન માટેની સરળ પ્રક્રિયા કે જેનો અમલ સારી રીતે કરાવી શકાય.
- દામદુપરના નિયમો સ્વિકાર કરી તે દ્વારા નાણાં ધિરનાર દ્વારા લેવામાં આવતા મહત્તમ વ્યાજના દર ને રોકી શકાય અને
- સમયાંતરે બજારમાં પ્રવર્તમાન વ્યાજના દરની સરખામણી માં મહત્તમ વ્યાજના દરો નક્કી કરી શકાય.

આ જુથ દ્વારા ઔપચારિક તથા અનઔપચારિક નાણાં ધિરનાર વચ્ચે એક કડી સ્થાપવાની શકયતાનો પણ વિચાર કર્યો છે જેથી નાણાં ધિરનાર કે જે ગુણવત્તા સભર લોન આપનાર છે તે વ્યકિત એક લોન આપનાર વધારાની ચેનલ / વ્યવસ્થા બને જેથી ઔપચારિક ક્ષેત્રને પણ સાનુકુળતા રહે. આ માટે જરૂરી સલામતી માટેના પગલાં લેવાની વ્યવસ્થા હોય.

આ જુથે અહેવાલ પ્રસ્તુત કર્યો છે જે ભારતીય રિઝર્વ બેંકની વેબ સાઇટ (www.rbi.org.in) પર મુકવામાં આવ્યો છે. રિપોર્ટમાં દર્શાવવામાં આવેલા મંતવ્યો ટેકનીકલ જુથના સભ્યોના છે અને એ જરૂરી નથી કે જે સંસ્થા સાથે તેઓ જોડાયેલા હોય તેનો તેમા પ્રતિભાવ પડે.

આ અંગે સર્વે લાગતા વળગતા વ્યકિતઓ ને વિનંતી કરવામાં આવે છે કે આ ટેકનીકલ જુથની ભલામણો અંગે તેઓ તેમની પ્રતિભાવ આ પ્રેસનોટની તારીખ થી 4 સપ્તાહ ના સમયગાળામાં આપે. આ પ્રતિભાવો શ્રી જી. શ્રીનિવાસન મુખ્ય મહા પ્રબંધક ગ્રામિણ આયોજન અને ઋણ વિભાગ (આર.પી.સી.ડી.) ભારતીય રિઝર્વ બેંક, કેન્દ્રીય કાર્યાલય, શહીદ ભગતસિંહ માર્ગ મુંબઇ 400 001 ને મોકલવા અથવા ઇમેઇલ દ્વારા gsrinivasan@rbi.org.in પર મોકલી શકાશે.

ક્ષેત્રીય નિદેશક

પ્રેસ રીલીઝ નં. 2007-08